જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૫/૨૦૧૯ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૨/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૫,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૩/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૯૪/૧૯**

**સાયબર ક્રાઇમઃ** રમેશકુમાર ગીરધારીલાલ શાહ (ઉ.વ.૪૧) (રહે. ગીરધરનગર સોસયાટી ગેટ નંબર-૨ અસારવા શાહીબાગ) એ તા.૨૩/૫/૧૯ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા. ૧૮/૦૫/૧૯ સાંજના ૭/૩૦ થી તા.૨૦/૦૫/૧૯ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઈન્ટરનેટ તથા મોબાઈલના માધ્યમથી આરોપી બેંક એકાઉન્ટ ધારક (૧) અજન્તા ઓટો આઈ.સી.આઈ.સી.આઈ બેન્ક ખાતા નંબર ૦૪૫૨૦૫૦૧૦૯૦૧ ના ધારકે રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- (૨) રાકેશકુમાર ચૌધરી એચડીએફસી બેન્ક ખાતા નંબર ૫૦૧૦૦૨૬૫૬૫૬૧૯૮ ના ધારકે રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (૩) કરમાકર એન્ટરપ્રાઇઝ સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા ખાતા નંબર ૩૭૪૩૫૮૩૨૭૯ ના ધારકે રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- અને (૪) રાકેશકુમાર ચૌધરી યસ બેન્ક ખાતા નંબર ૦૦૫૦૫૦૭૦૦૦૦૩૬૯૦ ના ધારકે રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- ઓનલાઇન આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરી રમેશકુમાર શાહના ખાતામાંથી કુલ રૂપિયા ૮૨,૦૦,૦૦૦/- ઉપાડી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.મહિડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.